૩૩૫૯

મારો લાડકો દીકરો.

બોધ લેવા લાયક રમુજી વાર્તા.

રચનાર,

એક ગ્રહસ્થ.

છપાવી પ્રગટ કરનાર,

પારસી પ્રિંટિંગ પ્રેસ.

સંવત ૧૯૪૪

સને ૧૮૮૮

કિંમત છ પઇ.

મારો લાડકો દીકરો!

અરે ગર્ભ શ્રીમંત માબાપો! તમારા બાલકોને અતી શય લાડ લડાવતા સભાળો તમને નીતિનો ઉપદેશ કરો તમને સારે માર્ગે ચાલવાનુ કહો ખરાબ ચાલ ચલાવનાર માણસના કેવા બુરા હાલ થાય છે તેના દાખલાઓ આપો કેટલાક માણસોને ટેવ હોય છે કે, પોતાને એકજ દીકરો હોય અને ભવીષ્યમા બીજો થવાની આશા ન હોય તો તેને ઘણો જ લાડ લડાવે છે. લાડ લડાવવો તો તેની હદમાજ લડાવવો જોઇએ લાડ હદબહાર જાયતો તે અગણીત નુકશાનકારક થઇ પડે. કેટલાક ગર્ભ શ્રીમંત માબાપો બાલકોને વિચારૂપી લાડ લડાવતા નથી, પણ કુમાર્ગરૂપી લાડ લડાવે છે અને તેથી પાછલથી તેનુ કેવુ ભયંકર પરિણામ નીપજે છે તે નિચેની વાત ઉપરથી સ્પષ્ટ જણાઇ આવશે

અહમદનગરમા મીંયા ફતેહઅલી કરીને એક માણસ રહેતો હતો આ માણસ પઇસાદાર હતો અને પોતે કાયદાના કામમા હુશીઆર હતો તેથી તેને વડો ન્યાયાધીશ ઠરાવવામા આવ્યો હતો પચાસ વરસની ઉમર થઇ તો પણ તેને ત્યા પુત્ર પ્રાપ્તી થઇ ન હોતી, તેથી તે હ

મેશા ઉદાસ રહેતો પુત્ર પ્રાપ્તી અર્થે તે ઘણુ દાન પુન્ય કરતો આખરે ઇશ્વર ઇચ્છાથી તેને પુત્ર પ્રાપ્તી થઇ વૃદ્ધાવસ્થામા પુત્ર પ્રાપ્તી થવાથી ફતેહઅલીનો હર્ષ સમાયો સમાય નહી. તેણે પોતાની શક્તિ પ્રમાણે દાન ધરમ કરયુ મોટી ઉમરે એકનો એક પુત્ર થયો હતો તેથી તેણે કાઇ કહેણા ન હોતા, પણ તે જેમ કહેતો તેમ હાજહા કરતા છોકરા માટો થયો, તોપણ કહાતો શકાય નહીં તીસમારખા નામ પાડેલુ તેવાજ ગુણ ભાઇમા હતા લોકોને તે ગાલો ભાડે ઘરમા અહી તહીં હાથ મારે અને લુચાઇના ગુમાવે બાપપણ કાઇ બોલે નહીં છોકરાએ જોયુ કે બાપ તો કાઇ કહેતો નથી માટે હવેતો જેમ બને તેમ વધારે હાથ મારવો તેથી બાપના ગજવામાંથી પઇસા કાઢવા માંડયા અને ઘરમાથી ઘરેણા ઉચકી લઇ જવા માંડ્યા લોકોને ત્રાહે ત્રાહે બોલાવવા માંડયા, પણ હીમત કોની કે, ન્યાયાધીશ આગલ ફરીયાદ કરી શકે? બાપ ન્યાયાધીશ એટલે દીકરા ગમે તે ગ્રુ કરે કોણ પુછે છે?। તેને દારૂ અને જુગારનુ વ્યસન લાગ્યુ જુગારમા હારી જતો અને પઇસ ન મળતાતો બાજઆના ઘરમા ચોરી કરતો દરેક જાતનુ વ્યસન તેને [illegible] હતુ એક દિવસે બાપની પેટી ફાડી [illegible] હજાર [illegible] કઢયા અને જુગાર રમવા જુગારખાનામા ગયો [illegible] નશીબે એક હુજારના દશહજાર અને દશના વીશ હજાર કરી શકયો આથી તને વધારે લોભ લગ્યો તે વધા.

રે રમવા લાગ્યો પણ હવે તેને નશીબદેવીએ યારી આપી નહી જેતેલા બધા રૂપીઆ તે હારી ગયો. ઘરેણા સુધ્ધા તેણે જુગારમા મુકી દીધા તે પણ હારી ગયો 'હાર્યો જુગારી બમણુ રમે' તેમને વધારે રમવા માડયો આ દાવે નહી તો બીજે દાવેતો જરૂર આવશે એમ તે વિચારવા લાગ્યો પણ તેમા તે નીષ્ફળ થયો આખરે ઉઠયો ત્યારે સામુ પાંચ હજારનુ કરજ કરી ઉઠયો હવે આ પાચ હજાર રૂપીઆ લાવવા કયાથી તેનો વિચાર થયો જુગાર અને ચોરી તો શીખ્યો હતો અને હવે કોઇને લુટવાનો ધધો બાકી રહ્યો હતો તેણે વિચાર કર્યોકે કોઇ પૈસાદારનો છોકરો મળે તો તેને લુટુ એવા વિચારથી તે જુગારખાનામાથી બહાર નિકલ્યો, અને રસ્તામા ભટકવા લાગ્યો આખરે તેને તે ગામના સાહુકાર મલુકચદનો છોકરો ડાહ્યાભાઇ મલ્યો આ છોકરો બાપનો એક પુત્રો હતો તોપણ બાપે તેની ઉપર સારો ચાપ રાખીને સુધાર્યો હતો તે પોતાના બાપનો વેપાર શીખ્યો હતો અને સારે માર્ગે ચાલતો તીસમારખાએ આ લાગ સારો જોયો તે તેની સામે ગયો અને બોલ્યો "અો લુચ્ચા કાલે તો તુ મને રસ્તામા પથરો મારી નાસી ગયે હતો, પણ આજ હવે સપાટામા આવ્યો છે હવે તને નહી છોડુ ડાહ્યાભાઇ આથી ગભરાયો તે બોલ્યો, "ભાઇ, હુ તો તને મુદલ આળખતો પણ નથી અને તુ આશુ કહે છે ? તીસમારખા બોલ્યો, "હશે, તે નહીં માર્યો હોયને

તારો ભાઇ હશે તેતો બધું એકનું એકજ છોકરાએ કહ્યુ
" ભાઇ સાહેબ, મારો ભાઇ પણ નથી હુતો મોરા બાપ
નો એક પુરો છોકરો છુ વગર લેવે દેવે હુ તમ્ને શા
વાસ્ને મારૂ લુચ્ચો તીસમારખા બોલ્યો, તારા ભાઇએ નહી
ને તારા બાપે માર્યો હશે એ બધુ એકનુ એકજતો, ડાહ્યા
ભાઇએ ધીમે સાદે કહ્યુ ' ભાઇ તને બીજા કોઇએ માર્યો
હશે તેમા માગે શો વાક ? તીસમારખાએ કહ્યુ, " હુવે
વધારે વાત કરવી રેવા દે, અને તારી પાસે જે કાઇ હોય તે
તેના દડ તરીકે મને આપી દે નહી તો કે હું તારો જીવ
લઇશ સાહુકારના છોકરાએ જેયુ કે તે તેને છોડવાનો
નથીજ ત્યારે વાણીઆ મુછ નીચી તો કે સાડાસાત વખત.
પોના પાસે જે મતા હતી તે આપી દીધી તીસમારખાએ
વિચાર્યુ કે હજી એનો પાસે કાઇ હશે તે પણ લઇ લઉ,
અને જો એને જીવતો રહેવા દઇશ તો એ કોઇ દહાડે મ
ને હેરાણ કરશે માટે એને પણ પુરો કરી નાખુ આ વખ
તે સાંજ પડી ગઇ હતી અને એકાત રસ્તો હતો તેથી લો
કોની આવજા સુદ્ધા હુની નહીં એમ વિચાર કરી તેની ગ
રદન પકડી ગુગલાવીને મારી નાખ્યો અને કપડા ઘરેણા
જે તેનુ બાકી રહેલુ હાથ આવ્યું તે લઇને જુગારખાના
મા દોડયો

મલુકચદને જવારે પોતાના છોકરાના થયલા ખુનની
ખબર મલી ત્યારે કચેરીમા દોડી ગયો, અને ' ફરીયાદ

છે ફરીયાદ છે, એમ પુકારવા લાગ્યો ન્યાયાધીશ સાહેબ ફે તેહઅલીએ તેને પોતાની પાસે બોલાવ્યો અને તેની શુ ફ રીયાદ હતી તે પુછ્યુ પોતાના છોકરાના આવી રીતે થયલા ખુનથી તે દીવાના જેવો બની ગયો હતો અને પોતે શુ બો લે છે ને શુ નહી તેનુ પણ તેને ભાન નહોતુ તેની શી ફરીયાદ છે એમ જ્યારે ન્યાયાધીશે પુછ્યુ, ત્યારે તેણે આ પ્રમાણે જવાબ આપ્યો તે બોલ્યો સાહબ—સાહેબ, તમારા છોકરાને મારા છોકરાએ મારી નાખ્યો ન્યાયાધીશ સાહેબ સાભલી ગુસ્સેતો થઇ ગયા પણ જ્યા ઇનસાફ ! કરવા બેઠા ત્યાતો ઇનસાફ ! થવો જોઇએ તેથી બોલ્યા—' મલુકચંદ શે ઠ, આ સાભળીને હુ ઘણોજ દલગીર છુ પણ તમે જાણો છોકે, ખુનનો બદલો ખુનથીજ મલવો જોઇએ માટે હુ ત મારા છોકરાને ફાસીની સજા કરૂ છુ આ સાભળીને મલુક ચદતો પોતાને ઇનસાફ મળેલો સમજ્યો પણ જ્યારે બરોબ ર વીચાર કર્યો ત્યારે માલમ પડયુ કે, અહીતો બધું ઊંધુ બોલાઇ ગયુ છે અને તેથી તે બોલ્યો —' સાહેબ ક્ષમા ક રો મારા બોલવામાં ભુલ થઇ છે મારા એક છોકરા ડાહ્ય ભાઇનું ખુન તમારા દીકરા તીસમારખાએ કર્યું છે અને તેને તમારા બોલવા પ્રમાણે ફાસીની સજા થવીજ જોઇએ આ સાભળીને ન્યાયાધીશે કહ્યુ વારૂ શુ થઇ ગયુ ? મારો છોકરો હોય કે પછી કોના હોય પણ મારેતો ખરો ઇનસાફ ! કરવો જોઇએ તેથી હુ ખરોબર ઇનસાફ! કરીશ ન્યાયાધીશ સાહે

બે પોતાનુ ચક્કર ફેરવ્યુ મલુકચદને તેની ઉપર વિશ્વાસ ન હોવાથી તે બુમ બરાડા પાડવા લાગ્યો કે હમણા ને હમણા ઇનસાફ કરો આથી સાહેબને ઘણોજ ગુસ્સો લાગ્યો અને તેથી સીપાઇઓને હુકમ કર્યો કે સાહુકારને બહાર કાઢો સી પાઇઓ ધક્કા મારીને શાહુકારને બહાર લઇ જવા માડયો ત્યારે તો સાહુકાર દીવાના જેવો બની ગયો અને મોઢામા થી ગાળો કાઢવા લાગ્યો હવે ન્યાયાધીશ સાહેબ ફતેહ અ લીથી ન ખમાયુ અને તેથી સાહુકારને તરણ માસના સ ખત કેદખાનુ અને ૧૦૦૦ રૂપીઆના દડની સજા ફરમા વી ગરીબ બીચારો સાહુકાર! છોકરાનો છોકરાએ ખોયો અને વલી ઉપરથી તરણ માસ કેદખાનુ અને હજાર રૂપી આ દડ! નશીબ તારા! જયારે તરણ મહીને બદીખાના માથી છુટયો ત્યારે ઇનશાફ મેળવવા ફરીથી એજ ફતેહ અલી ન્યાયાધીશ આગલ ગયો. ન્યાયાધીશે તેને કહ્યુ કે મે એ વાતની તપાસ કરીતો માલમ પડેછે કે, રસ્તામા કજીઓથતા મારા છોકગને તારા છોકરાએ માર્યો અને તારો છોકરો આ પઘાત કરીને મરી ગયો તારી આવી દુરદશા તરફ નજર કરતા મને ઘણીજ દયા આવે છે અને તેથી તને માતર ૧૦૦૦ રૂપીઆના દંડની સજાકરૂ છુ

સાહુકારનેતો આ દાઝયા ઉપર ડામ થયુ તે ત્યાથી મુગો મુગો ચાલતો થયો બીજે દીવસે ત્યાના રાજાને એક અરજી આપી આ રાજા અદલ ઇનસાફી હતો. તેણે તર

તાજ ન્યાયાધીશ સાહેબ ફતેહ અલીને બોલાવી મગાવ્યા અ
ને બેઉ પક્ષના સાક્ષીઓ લઇને ઇનસાફ આપ્યો રાજા બો
લ્યો—શાક્ષી ઉપરથી સાબેત થાય છે કે ફતેહઅલી ન્યાયાધીશ
ના છોકરા તીસમારખાએ ગ[illegible]આ સાહુકાર મલુકચદના
છોકરા ડાહ્યાભાઇનુ ખુન કર્યું હતુ. અને તથી તેને શીક્ષા મ
લવી જોઇએ અને હુ તેને ફાસોની સજા કરૂ છુ બીજુ
આ ફતેહઅલી મોટો ન્યાયાધીશ હતો તેની ખરી ફરજ
એ હતી કે ખરી તપાસ કરી ગુનેગારને શીક્ષા કરવી પણ
એણે પોતાના છોકરા તરફ પક્ષપાત કરીને તેને કાઇ સજા
ન કરતા સાહુકારને તરણ માસ કેદખાનુ અને બે હજાર
રૂપીઆ દડની સજા કરી આ ઇનસાફ તદન ખોટો હોવા
થી અને ન્યાયની ખુરશીએ બેશી બીજો કોઇ એવુ કામ
ન કરે તેટલા માટે ફતેહ અલીને સાત વરસના કેદખાના
અને પાચ હજાર રૂપીઆ દડની સજા કરૂ છુ અને તે
માથી ચાર હજાર રૂપીઆ સાહુકારને તેના થયલા નુકશાન
ના બદલામા મળે

આવોઅદલ ઇનસાફ થતાજ સીપાઇઓએ ફતેહઅલીને
તીસમારખાને પકડયા અને કેદખાનામા લઇગયા બીજે દિ
વસે તીસમારખાને ફાસી લઇ ગયા, જયા તે ફાસીના માચ
ડા ઉપર ઉભો થઇને આ પ્રમાણે બોલ્યો—ભાઇઓ હવે મને
સારી બુધ્ધી આવે છે થોડા વખતમા મારો જીવ નીકળી
જશે અને તેની અગાઉ મારે જે થોડુ ઘણુ બોલવુ છે તે

હુ બોલુ અને તમે ધ્યાનથી સાભળશો એવી આશા છે માબાપો પોતાના છોકરાઓને સુધારવાને બદલે તે જેમ કરે છે તેમ કરવા દેછે અને તે તેથી છોકરાઓ સ્વછંદી બની મરજી પ્રમાણે વરતે છે તો તેની કોઇ દીનસે મારા જેવી હાલત થાય છે મારો બાપ ન્યાયાધીશ હતો અને તેથી હુ એમજ ધારતો હતો કે, મને પુછનાર કોણ છે મારા માબાપેઅને સારી કેલવણી આપી સત્યની રીતોએ ચાલતા શીખવ્યુ હતે તો હુ આજે આવી હાલત પામત નહીં બીજુ અતીશય લાડથાં માબાપો છોકરાઓને બગાડે છે અને તેથા એકાદ દહાડે મારા જેવી દશા થાય છે માટે માબાપોની ફરજ છે કે તેમણે પોતાના બાળકોને અતીશય લાડ લડાવવા નહી

આટલુ બોલી તીસમારખા ચુપ થઇ ગયો અને પછી તેને ફાસી દીધી.

સમાપ્ત.

જાહેર ખબર

હુંડી ગણીત.

વીલાયતની હુંડીના હિસાબની ચોપડી.

શિલીંગ ૧-૪ાા થી તે ૧-૫ાા સુધી.

ઠેકાણું—પારસી પ્રિંટિંગ પ્રેસમાંથી મળશે

કીમત આના ચાર